૬

# ચાલ જઈએ.







ઝ ઠ ઘ ળ ઉ ઊ ૭ ૧

બહેન ભાઈને સાથે ફરવા માટે બોલાવે છે.
‘‘ચાલ ભાઈ હરેન, બહાર ફરવા ચાલ,
બહાર આવ, ઝટપટ આવ.’’

હરેન અહીં આવ, ઝટઝટ આવ.
હરેન બહાર ચાલ, ઝટપટ ચાલ.




ફરતાં ફરતાં ભાઈબહેન નદીકાંઠે આવે છે. વહેતી નદીનું ખળખળ પાણી ભાઈ બહેનને બતાવે છે. ''આ છે વહેતું પાણી, ખળ ખળ વહેતું પાણી.''

આ છે પાણી,
ખળ ખળ વહેતું પાણી.



નદીકાંઠે કૂણું ઘાસ ચરતાં કૂદકા મારતાં હરણ જોઈને ભાઈબહેન ખુશ ખુશ થઈ જાય છે.

હરણ કૂદકા મારે છે,
કૂણું ઘાસ ચરે છે.



ફરીને પરત આવેલાં ભાઈબહેન ઘરની અગાસી પર ચઢે છે. ભાઈ ઉપર અગાશીમાં પહોંચી ગયો છે અને ત્યાંથી બહેનને બોલાવે છે.

બહેનના હાથમાં ચણાનું પડીકું છે, તે લઈને બહેન પગથિયાં ચડે છે.

બહેન ઉપર આવ,
બહેન ચણા લાવ.



ઉપર આકાશમાં રાત્રીના તારા ઝગમગે છે. ભાઈબહેન આકાશમાં ઝબૂકતા તારાઓ જોતાં અગાશીમાં ઊભાં છે.

આ છે આભના તારા,
ઝગમગ ઝગમગ તારા.



| | | | | |
|---|---|---|---|---|
| નળ | ઘડપણ | દૈનિક | ગુલાબ | ગુલાબી |
| બળદ | ખેતર | ઘુવડ | પૂનમ | નકુલ |
| હેત | ઉજાણી | ઊન | હાજર | હાજરી |
| ખુમારી | ચારણ | ઝરણું | સૂતર | જુવાર |
| | | અમૂલ | રાહુલ | |

---

કાળુ કાગળ લખે છે.
કાળુ મામાને કાગળ લખે છે.

---

મારે આબુ જવું છે.
મારે ઘર ઘર રમવું છે.

---

વરસાદ પડે છે.
વરસાદ ઝરમર ઝરમર પડે છે.

| | |
|---|---|
| બહેન | હરેન |
| ઉપર | કૂદકા |
| ઘાસ | ઝળહળ |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૭

૭

# ધનાભાઈ



ભ ય ધ ફ ો ૈ

ધનાભાઈ આળસુ હતા.

કોઈક ને કોઈક ના ઘરે પહોંચી જાય, જમવા ટાણે પહોંચી જાય...
એકવાર કોઈક ના ઘરે ગયા.

બધા એની પર નારાજ થયા. સૌ કહે, ધનાને ખાવા ન આપો...


ખાધા વિનાના ધનાભાઈ.. આમ તેમ ફરતા હતા...

ધનાભાઈ સમજી ગયા, કામ કરીને જ ખવાય...

લાવ, કોઈ કામ કરીએ.
ધનાભાઈએ કરી હાથલારી... ફળો વેચે સાદ પાડી...

ધનાભાઈ રાજી, ગામ રાજી.
એક વાત સૌને સમજાય, કામ કરે એનું ગૌરવ થાય.

ધનાભાઈ કહે બધાને...
આળસ તો ના કરીએ કદી, મહેનત કરવાની આ સદી...



| | | |
|---|---|---|
| રાધા | યતિ | અભય |
| ફોરમ | યાચક | ધજા |
| મૌનસ | વીણા | ભૂલ |
| ગૌરવ | ભૈરવ | ફૂલ |

મૈયા ગાય દોહે છે.

ભોજન તૈયાર થાય છે.

કૌશિકને દૂધ ભાવે છે.

ફોરમ દોડતી આવે છે.

મૌલિક રોટલો ખાય છે.

| | | | |
|---|---|---|---|
| આળસુ | ઘર | ફરતા | સાદ |
| હતા | નારાજ | કામ | હાથલારી |
| આમ | તેમ | ફળ | સદી |


ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૮

# લાલ પરી



ટ ઠ શ થ ં

શૈલી ઢીંગલી સાથે રમી રહી હતી. અચાનક એને ‘છમ-છમ’ એવો અવાજ સંભળાયો. અવાજની દિશામાં એણે જોયું તો એને સુંદર લાલ પરી જોવા મળી. એણે બૂમ પાડી : “લાલ પરી, લાલ પરી…”

સરરરર સરરરર કરતી આવી,
લાલ પરી આવી...
શૈલી પાસે આવી, હાથને લંબાવી...



શૈલી તો પરી સાથે રમવા લાગી. પરી નવાં નવાં મધુર ગીતો સંભળાવવા લાગી. શૈલી પણ પરીની સાથે ગીત ગાવા લાગી. પરી શૈલી માટે રેવડી લાવી હતી. શૈલીને રેવડી બહુ ભાવતી હતી.

રેવડી ખાવા માગતી શૈલી આગળ વધી. પણ સવાર થઈ ગઈ હતી. મમ્મીએ શૈલીને જગાડી.


પરી આવી નાચતી ગાતી,
નવાં નવેલાં ગીતો ગાતી.
મીઠી મીઠી રેવડી લાવી !
શૈલીબેનને ખૂબ ભાવી.

જગાડવાને મમ્મી આવી,
પેલી રેવડી ક્યાં ખોવાણી ?



આંખો ચોળતી એ ઊઠી. સપનું તૂટી ગયું. પરી પણ અલોપ થઈ ગઈ. શૈલીએ મમ્મીને સપનાની વાત કરી. મમ્મીએ કહ્યું : ‘સાંજે હું તને રેવડી ખવડાવીશ !

શૈલીએ ઓઢી લીધો ધાબળો,
‘જાગ બેટા ! થઈ સવાર!’
‘મમ્મી ! મારે ખાવી રેવડી...!
તું જાગી જા, થા તૈયાર!
ઢગલો રેવડી આપીશ પછી!



| | | |
|---|---|---|
| ગાઢ | થડ | ઢેલ |
| ઠળિયો | સાંઢ | ઘોરણ |
| શંકર | ખીણ | શિયાળ |
| થીગડું | સૌરભ | ભયંકર |
| ટાઢ | હોઠ | છાશ |
| દાઢ | ઠોઠ | શાક |

પંખી.
રંગબેરંગી પંખી.
આંગણે પંખી આવે છે.
શૈલેશ દાણા નાખ.
પંખી દાણા ચણે.

| | | | |
|---|---|---|---|
| શૈલી | આઠ | સવાર | ઓટી |
| હાથ | ગીતો | ધાબળો | પરી |
| મમ્મી | ઢગલો | રેવડી | પૂરાં |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે